» ચીનના વુહૂ શહેરમાં વિદેશી નિકાસ અગાઉ યોજાયેલા સમારોહમાં પ્રદર્શિત કરાયેલા ચેરી ગ્રુપના આધુનિક 'AiMoga' રોબોટ્સ.

અમેરિકામાં નોકરી માટે હવે 1 લાખ ડોલરની ફી લેવા ટ્રમ્પ સરકારની વિચારણા

અમેરિકામાં અભ્યાસ બાદ નોકરી કરવા ઇચ્છતા વિદેશી વિદ્યાર્થીઓને ભરવી પડી શકે છે ફી

ગ્રીન કાર્ડ અરજદારો માટે પણ 1 લાખ ડોલરના બોન્ડની યોજના

વોશિંગ્ટન, તા. 31 (પીટીઆઈ): અમેરિકામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી ત્યાં જ નોકરી કરવા ઇચ્છતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ટ્રમ્પ સરકાર મોટો આર્થિક બોજ ઊભો કરી શકે છે. એક અહેવાલ અનુસાર, અમેરિકી હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ (DHS) અમેરિકી યુનિવર્સિટીમાં અભ્યાસ પૂર્ણ કરનાર વિદેશી વિદ્યાર્થીઓને કામ કરવાની મંજૂરી આપતી ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) વિઝા વ્યવસ્થા માટે 1 લાખ ડોલરની ફી વસૂલવાના પ્રસ્તાવ પર વિચાર કરી રહી છે.

આ પગલું ત્યારે ચર્ચામાં આવ્યું છે જ્યારે અમેરિકાની એક અદાલતે H-1B વિઝા માટે 1 લાખ ડોલરની ફી લાદવાના અગાઉના પ્રસ્તાવને ફગાવી દીધો હતો. OPT એ મૂળ F-1 વિદ્યાર્થી વિઝાનો વિસ્તૃત ભાગ છે, જેના હેઠળ વિદેશી વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ સાથે સીધો સંબંધ ધરાવતા ક્ષેત્રમાં એકથી ત્રણ વર્ષ સુધી અમેરિકામાં કામ કરવાની છૂટ મળે છે.

ઉપલબ્ધ તાજેતરના આંકડા મુજબ 2024 દરમિયાન આશરે 4.19 લાખ વિદેશી નાગરિકો OPT હેઠળ અમેરિકામાં કામ કરતા હતા. અમેરિકાની ટેક કંપનીઓ મોટા પ્રમાણમાં યુનિવર્સિટીઓમાંથી ભરતી કરતી હોવાથી તેમણે અગાઉ H-1B પર આવી ભારે ફી લાદવાના પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો.

DHSના પ્રવક્તાએ જણાવ્યું કે કોઈપણ નીતિને સત્તાવાર જાહેરાત થાય ત્યાં સુધી અંતિમ માનવી નહીં. વિભાગ કાયદેસર ઇમિગ્રેશન પ્રણાલીની વિશ્વસનીયતા જાળવવા માટે ઉપલબ્ધ તમામ વિકલ્પો અંગે સતત ચર્ચા કરતો રહે છે.

અહેવાલ મુજબ અમેરિકી સ્ટેટ ડિપાર્ટમેન્ટ પણ અમેરિકાની બહારથી ગ્રીન કાર્ડ માટે અરજી કરનારાઓ પાસેથી 1 લાખ ડોલરનું બોન્ડ લેવા અંગે વિચારણા કરી રહ્યું છે. અરજદાર અમેરિકા આવી નાગરિક બને પછી જ આ રકમ પરત મળે તેવી જોગવાઈ થઈ શકે છે.

જો OPT વ્યવસ્થા ન રહે અથવા તેના પર અત્યંત ભારે ફી લાદવામાં આવે તો મોટા ભાગના વિદેશી વિદ્યાર્થીઓને ડિગ્રી પૂર્ણ થતાં જ અમેરિકા છોડવું પડી શકે છે અને અમેરિકી યુનિવર્સિટીઓમાં મેળવેલી તેમની કુશળતા અન્ય દેશોના બજારોમાં વળી શકે છે.

રશિયન સેનામાં હજુ 24 જેટલા ભારતીય

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): વિદેશ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે રશિયન સેનામાં હજુ પણ લગભગ 24 ભારતીય નાગરિકો કાર્યરત છે અને તેમની મુક્તિ માટે રશિયન સરકાર સાથે સતત સંપર્ક સાધવામાં આવી રહ્યો છે. અત્યાર સુધી ભારત સરકારના પ્રયાસોથી 139 ભારતીયોને પરત લાવવામાં સફળતા મળી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે ભારત રશિયન સૈન્યમાં રસોઈયા, સહાયક સહિત અન્ય સપોર્ટ સ્ટાફ તરીકે જોડાયેલા તમામ ભારતીયોની મુક્તિ માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. બાકીના ભારતીયોને પણ વહેલી તકે પરત લાવવા માટે રશિયન પક્ષ સાથે વાતચીત ચાલુ છે. તેમણે ભારતીય નાગરિકોને ચેતવણી આપતાં કહ્યું કે શંકાસ્પદ વ્યક્તિઓ અથવા એજન્સીઓ દ્વારા આપવામાં આવતી જોખમી વિદેશી નોકરીની ઓફરોથી દૂર રહેવું જોઈએ.

ભારતમાં CJP આંદોલનની સફળતા બાદ પાકિસ્તાન સરકારમાં ફફડાટ

કોકરોચ એક થશે તો બધું ઊથલપાથલ કરી દેશે: પાક ગૃહમંત્રી

દેશની વ્યવસ્થામાં સુધારા નહીં થાય તો સ્થિતિ નહીં બદલાય

ઈસ્લામાબાદ, તા. 31: પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવીએ દેશમાં CJP જેવા વિદ્યાર્થી આંદોલનની શક્યતા અંગે ચેતવણી આપતાં કહ્યું કે જો નિરાશ યુવાનો એક થઈ જશે તો તેઓ સમગ્ર વ્યવસ્થાને ઊથલપાથલ કરી શકે છે. ભારતમાં CJPના નેતૃત્વમાં થયેલા વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન બાદ શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી નકવીનું આ નિવેદન મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

પાકિસ્તાન ઈકોનોમિક સમિટમાં બોલતાં નકવીએ કહ્યું કે હાલની શાસન વ્યવસ્થા નિષ્ફળ ગઈ છે અને તેના આધારે દેશની સમસ્યાઓનો ઉકેલ આવી શકશે નહીં. જો મૂળભૂત વહીવટી સુધારા નહીં કરવામાં આવે તો આગામી દસ વર્ષ પછી પણ દેશ એ જ સમસ્યાઓનો સામનો કરતો રહેશે.

તેમણે વહીવટી પુનર્ગઠનની જરૂરિયાત પર ભાર મૂકતાં નવા પ્રશાસનિક એકમો બનાવવા અને સ્થાનિક સ્તરે વધુ સત્તા સોંપવાની હિમાયત કરી હતી. નકવીએ કહ્યું કે પાકિસ્તાનના યુવાનોને સહાય નહીં પરંતુ યોગ્યતા આધારિત રોજગારી અને ન્યાયની જરૂર છે. તેમણે કહ્યું, 'યુવાનને તમે યુથ કહો કે કોકરોચ, જો આ કોકરોચ એક થઈ જશે તો બધું જ પલટી નાખશે.' પછી પત્રકારો સાથેની વાતચીતમાં નકવીએ કહ્યું કે માત્ર સેના પ્રમુખ આસિમ મુનીરના પ્રયાસોથી દેશની સ્થિતિ સુધરવાની નથી. રાજકીય પક્ષો સાથે મળીને શાસન વ્યવસ્થામાં સુધારા લાવશે ત્યારે જ તેમના પ્રયાસો સફળ થશે. તેમણે ઉમેર્યું કે વડા પ્રધાન શેહબાઝ શરીફ રોજ 12થી 14 કલાક કામ કરે છે, પરંતુ સંસ્થાકીય સુધારા વિના માત્ર તાત્કાલિક સમસ્યાઓ ઉકેલવાથી લાંબા ગાળે કોઈ ફાયદો થવાનો નથી.

19 વર્ષ બાદ તસ્લીમા નસરીનની કોલકાતામાં વાપસી

કોલકાતા, તા. 31 (પીટીઆઈ): બાંગ્લાદેશની નિર્વાસિત લેખિકા તસ્લીમા નસરીન લગભગ 19 વર્ષ બાદ શુક્રવારે કોલકાતા પરત ફરી હતી. તેમણે આ મુલાકાતને ભાવનાત્મક 'ઘરવાપસી' ગણાવી હતી. પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર બન્યા બાદ યોજાઈ રહેલા એક સાહિત્યિક કાર્યક્રમમાં ભાગ લેવા તેઓ શહેરમાં આવી છે. એરપોર્ટ પર પહોંચતાં તસ્લીમાએ હાથ જોડીને સ્વાગત કરનારાઓનો આભાર માન્યો અને કહ્યું કે, "કોલકાતા પરત આવીને મને ખૂબ આનંદ થઈ રહ્યો છે." નવેમ્બર 2007 બાદ આ તેમની પ્રથમ કોલકાતા મુલાકાત છે. શનિવારે તેઓ રવિન્દ્ર સદનમાં યોજાનારા ધાર્મિક કટ્ટરવાદ વિરોધી સાહિત્યિક કાર્યક્રમમાં પ્રથમ જાહેર ઉપસ્થિતિ નોંધાવશે અને કવિતાપાઠ કરશે. કાર્યક્રમમાં મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી અને જાણીતા સાહિત્યકાર શિર્ષેન્દુ મુખોપાધ્યાય સહિત અનેક મહાનુભાવો હાજર રહેશે.

પેજ 3

રશ્મિકા મંદાનાને હિપમાં ગંભીર ઈજા, છ અઠવાડિયાના આરામની સલાહ

મુંબઈ, તા. 31: દક્ષિણ અને બોલિવૂડ અભિનેત્રી રશ્મિકા મંદાનાના વ્યસ્ત શૂટિંગ શેડ્યૂલને અચાનક બ્રેક લાગી છે. ફિલ્મના ડાન્સ સિક્વન્સનું શૂટિંગ કરતી વખતે તેમને હિપમાં ગંભીર ઈજા થઈ હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. સતત ડાન્સ અને એક્શન દૃશ્યો દરમિયાન તેમના હિપનું ટેન્ડન સંપૂર્ણપણે ફાટી ગયું હોવાનું ડોક્ટરોએ જણાવ્યું છે. સંપૂર્ણ તબીબી તપાસ બાદ તેમને છ અઠવાડિયા સુધી સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપવામાં આવી છે, ત્યારબાદ જ રિહેબિલિટેશન શરૂ થશે. રશ્મિકાની ઈજાના સમાચાર સામે આવતા ચાહકો સોશિયલ મીડિયા પર તેમના ઝડપથી સાજા થવાની શુભેચ્છા પાઠવી રહ્યા છે.

દક્ષિણના દિગ્ગજ ગાયિકા જમુના રાણીનું 88 વર્ષની વયે અવસાન

હૈદરાબાદ, તા. 31: દક્ષિણ ભારતીય ફિલ્મ સંગીત જગત માટે શોકજનક સમાચાર સામે આવ્યા છે. પ્રખ્યાત પ્લેબેક સિંગર જમુના રાણીનું 88 વર્ષની વયે વયસંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાને કારણે અવસાન થયું છે. તેમણે તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ સહિત વિવિધ ભાષાઓમાં 6,000થી વધુ ગીતોને પોતાનો મધુર અવાજ આપ્યો હતો. માત્ર સાત વર્ષની ઉંમરે કારકિર્દીની શરૂઆત કરનારી જમુના રાણીએ 'કુંકુમાપૂવે કોંજુમ પુરાવે', 'ચારાડી ની મોહિની' અને 'મામા મામા' જેવા અનેક યાદગાર ગીતો ગાયા હતા. વર્ષ 1998માં તેમને તમિલનાડુ સરકારના 'કલૈમામણિ' પુરસ્કાર સહિત અનેક સન્માન મળ્યા હતા. તેમના નિધનના સમાચાર બાદ ચાહકો અને સંગીતપ્રેમીઓ સોશિયલ મીડિયા પર ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી રહ્યા છે.

સ્પેનમાં 24 કલાકમાં 60 હજાર ગેરકાયદે ઘૂસણખોરો પહોંચ્યા

સેઉટા સરહદ પર અફ્રાતફરીમાં 57નાં મોત; સેનાની તૈનાતી, યુરોપિયન સંઘે મદદની ઓફર કરી

37,500 જેટલા લોકો શુક્રવાર સાંજ સુધીમાં સ્વેચ્છાએ મોરોક્કો પરત ફર્યા, સ્પેનના બીજા શહેર મેલિલામાં પણ પ્રવાસીઓનો ઘૂસવાનો પ્રયાસ

સેઉટા, તા. 31 (એપી): મોરોક્કોથી સ્પેનના ઉત્તર આફ્રિકામાં આવેલા સ્વાયત્ત શહેર સેઉટામાં છેલ્લા 24 કલાકમાં આશરે 60 હજાર ગેરકાયદે પ્રવાસીઓ ઘૂસી આવ્યા છે. આ સંખ્યા શહેરની કુલ વસ્તીના લગભગ 70 ટકા જેટલી છે. સરહદ પર મચેલી અફ્રાતફરીમાં ઓછામાં ઓછા 57 લોકોનાં મોત થયા છે. તેમાં ઘણા લોકો દરિયામાં ડૂબી ગયા હતા, જ્યારે કેટલાક તારાજલ બીચ પાસે સરહદી અવરોધ પાર કરતી વખતે નાસભાગમાં કચડાઈ ગયા હતા.સ્થિતિ બેકાબૂ બનતાં સ્પેને સેનાની તૈનાતી કરી છે, જ્યારે યુરોપિયન સંઘે સરહદ પર વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં મદદની ઓફર કરી છે. સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાન્ચેઝે તેને દેશની પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન ગણાવ્યું અને માનવ તસ્કરોને આ દુર્ઘટના માટે જવાબદાર ઠેરવ્યા.

ગૃહ મંત્રાલય અનુસાર, આશરે 50,000થી 60,000 લોકો સરહદ પાર કરી આવ્યા હતા, પરંતુ તેમાંથી લગભગ અડધા એટલે કે 37,500 જેટલા લોકો શુક્રવાર સાંજ સુધીમાં સ્વેચ્છાએ મોરોક્કો પરત ફર્યા છે.

વીડિયોમાં પ્રવાસીઓ દરિયાઈ માર્ગે તરતા, બોર્ડર પર ચઢતા અને સ્પેનિશ વિસ્તારમાં દોડતા જોવા મળ્યા હતા.

ભિવંડીમાં ચાર માળની ઇમારત ધરાશાયી, 10નાં મોત

થાણે, તા. 31 (પીટીઆઈ): મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભિવંડીમાં ચાર માળની એક ઇમારત ધરાશાયી થતાં 10 લોકોનાં મોત થયાં છે જ્યારે અન્ય 3 ઈજાગ્રસ્ત થયા છે. કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવા 19 કલાક સુધી ચાલેલું આ મલ્ટી-એજન્સી સર્ચ અને રેસ્ક્યૂ ઓપરેશન શુક્રવારે સાંજે લગભગ 7.00 વાગ્યે પૂર્ણ થયું હતું. સ્થાનિક નગરપાલિકાએ આ ઇમારતને અગાઉથી જ 'અતિ જોખમી' જાહેર કરી હતી. ગુરુવારે રાત્રે લગભગ 11.20 વાગ્યે પાવરલૂમ નગરી ભિવંડીના બાલાજી નગર વિસ્તારમાં આવેલી કોહિનૂર બિલ્ડિંગનો એક ભાગ અચાનક તૂટી પડ્યો હતો. 48 ઓરડાવાળી આ ઇમારતમાં દરેક માળે 12 ઓરડા હતા. રાત્રે લગભગ 9 વાગ્યે રહેવાસીઓને ઇમારતમાંથી જોરદાર તિરાડ પડવાના અવાજો સંભળાતા સ્થાનિક લોકોએ અનેક પરિવારોને બહાર કાઢ્યા હતા. જોકે, કેટલાક લોકો હજુ બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે 'બી' વિંગ ધરાશાયી થઈ ગઈ હતી.

મને અને મારી માતાને અપશબ્દો કહેવામાં આવ્યા પણ હું તેમને માફ કરું છું: મોદી

નવ દિવસમાં મોદીનો ઇન્સ્ટાગ્રામ પર પાંચમો વીડિયો સંદેશ

વીડિયો પોસ્ટ થયાના પ્રથમ 30 મિનિટમાં જ 1.3 મિલિયનથી વધુ લાઇક્સ મળ્યા

નવી દિલ્હી, તા. 31: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મોડી રાત્રે ઇન્સ્ટાગ્રામ પર લાઈવ વીડિયો સંદેશ દ્વારા દેશવાસીઓને, ખાસ કરીને યુવા પેઢીને સંબોધતા કહ્યું કે જંતર-મંતર પર થયેલી ઘટનામાં તેમને અને તેમની સ્વર્ગસ્થ માતાને અપશબ્દો કહેવામાં આવ્યા હતા. તેમ છતાં તેઓ ભટકેલા યુવાનોને માફ કરવા ઇચ્છે છે, કારણ કે બાળપણ અને યુવાનીમાં ભૂલો થવી સ્વાભાવિક છે અને તેમાંથી શીખીને સુધરવાની તક મળવી જોઈએ.

વડા પ્રધાને કહ્યું કે 'મિત્રો મન કરે છે તમારી સાથે જ વાતો કરું. જંતર-મંતર પર જે બન્યું તે સમગ્ર દેશ અને દુનિયાએ જોયું. કેટલાક શરારતી યુવાનો દ્વારા એવી અભદ્ર ભાષાનો ઉપયોગ થયો, જે કોઈપણ સભ્ય સમાજને શોભે નહીં.' તેમણે ઉમેર્યું કે સમાજમાં આ ઘટનાને લઈને જે આક્રોશ છે તે તેઓ સારી રીતે સમજે છે. ખાસ કરીને દીકરીઓના મોઢેથી આવી ભાષા સાંભળવી સાંસ્કૃતિક રીતે આઘાતજનક બાબત છે, પરંતુ યુવાનોને સુધરવાની તક આપવી પણ એટલી જ જરૂરી છે.

મોદીએ દેશના યુવાનોને એકસાથે મળીને ભારતના વિકાસ માટે કામ કરવાની અને ભટકેલા લોકોને યોગ્ય માર્ગ બતાવવાની અપીલ કરી. તેમણે જણાવ્યું કે દ્વેષ નહીં, પરંતુ સંવાદ અને સમજણથી સમાજ વધુ મજબૂત બની શકે છે. વડા પ્રધાનનો આ છેલ્લા નવ દિવસમાં ઇન્સ્ટાગ્રામ પરનો પાંચમો વીડિયો સંદેશ હતો. વીડિયો પોસ્ટ થયાના પ્રથમ 30 મિનિટમાં જ તેને 1.3 મિલિયનથી વધુ લાઇક્સ મળ્યા છે.

પાકિસ્તાનમાં હિમસ્ખલન: પ્રખ્યાત પર્વતારોહક નિર્મલ પુર્જા સહિત 6 ગુમ

8,051 મીટર ઊંચા બ્રોડ પીક પર્વત પર 7,000 મીટરની ઊંચાઈએ 10 પર્વતારોહકોની ટીમ હિમસ્ખલનની ચપેટમાં આવી

બચાવ ટીમે અત્યાર સુધી 4ના મૃતદેહ બહાર કાઢ્યા; ખરાબ હવામાન વચ્ચે શોધખોળ ચાલુ

ઈસ્લામાબાદ-કર્ણાટક, તા. 31 (પીટીઆઈ): પાકિસ્તાનના 'બ્રોડ પીક' પર્વત પર આવેલા ભીષણ હિમસ્ખલનમાં નેપાળના પ્રખ્યાત પર્વતારોહક નિર્મલ પુર્જા સહિત 6 પર્વતારોહકો ગુમ થઈ ગયા છે. બચાવ ટીમે અત્યાર સુધીમાં 4 મૃતદેહ બહાર કાઢ્યા છે, જ્યારે ખરાબ હવામાન વચ્ચે પણ શોધખોળ અભિયાન ચાલુ રાખવામાં આવ્યું છે. અલ્પાહાઈન ક્લબ ઓફ પાકિસ્તાને આશંકા વ્યક્ત કરી છે કે કેટલાક સ્થાનિક હાઈ-એલ્ટિટ્યૂડ પોર્ટર્સ (સામાન ઊંચકનારા સ્થાનિક લોકો) પણ આ હિમસ્ખલનમાં ફસાયા હોઈ શકે છે. વિશ્વના 12મા સૌથી ઊંચા 8,051 મીટર ઊંચા બ્રોડ પીક પર ગુરુવારે સવારે 9.00 વાગ્યે આશરે 7,000 મીટરની ઊંચાઈ પર આ ઘટના બની હતી. શિખર સર કરવા નીકળેલી 10 સભ્યોની ટીમ હિમસ્ખલનની ચપેટમાં આવી ગઈ હતી, જેમાં નેપાળના 6, પાકિસ્તાનના 1, ઓમાનના 1, અમેરિકાના 1 અને ચીનના 1 પર્વતારોહકનો સમાવેશ થાય છે. મૃતકોમાંથી ઓમાનના નાઘિરા અહમદ અને નેપાળના પુરૂ બહાદુર ગુરુંગની ઓળખ થઈ શકી છે.

કરાચીના લિયારીમાં ગેંગસ્ટર ઉઝૈર બલોચના ભાઈ પર જીવલેણ હુમલો, હાલત ગંભીર

કરાચી, તા. 31: પાકિસ્તાનના કરાચીના સંવેદનશીલ લિયારી વિસ્તારમાં કુખ ગેંગસ્ટર ઉઝૈર બલોચના ભાઈ જુબૈર બલોચ પર અજાણ્યા હુમલાખોરોએ ગોળીબાર કરતાં તે ગંભીર રીતે ઘાયલ થયો છે. હુમલામાં અન્ય બે રાહદારીઓને પણ ઈજા પહોંચી છે. જુબૈરને છાતી અને પેટમાં ગોળીઓ વાગતાં તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડી સર્જરી કરવામાં આવી હતી, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. પોલીસે હુમલાખોરોની ઓળખ અને હુમલાનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે. ઘટનાસ્થળેથી કારતૂસના ખોખાં જપ્ત કરીને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા છે, જ્યારે આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસાઈ રહ્યા છે.

એથર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના નિર્દેશક મંડળે શુક્રવાર, જુલાઈ ૩૧, ૨૦૨૬ ના રોજ યોજાયેલી નિર્દેશક મંડળની બેઠકમાં ૩૦/૦૬/૨૦૨૬ ના રોજ પૂરા થયેલા પ્રથમ ત્રિમાસિક અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી છે.

નાણાકીય પરિણામો સ્ટોક એક્સચેન્જ બીએસઇ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ પર ઉપલબ્ધ છે અને કંપનીની વેબસાઇટ પર પણ મૂકવામાં આવ્યા છે, જે નીચે મુજબ જોઈ શકાય છે:

બીએસઇ લિમિટેડ:
https://www.bseindia.com/xml-data/corpfiling/AttachLive/4b803822-221e-443a-a60f-8b4222f7d1bc.pdf

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ:
https://nsearchives.nseindia.com/corporate/AETHER_31072026120919_2222.pdf

કંપની વેબસાઇટ:
https://aether.co.in/wp-content/uploads/2026/07/Financials%20Q1%20FY%202026-27.pdf

ઉપરાંત, આપેલા ક્યુ. આર. કોડને સ્કેન કરીને પણ પરિણામો જોઈ શકાય છે.

તારીખ: ૩૧ જુલાઈ, ૨૦૨૬
સ્થળ : સુરત

એથર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી
સહી/-
અશ્વિન જયંતીલાલ દેસાઈ
મેનેજિંગ ડિરેક્ટર
(ડી આઈ એન: 00038386)

ઇંડિયન બૅંક Indian Bank ઇલાહાબાદ ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II

Bank Website | E-Auction Website

ધી સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨, જેને સીક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનર્ફોસમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઇંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઇંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિક્યોર્ડ કેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જ્યાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 07/09/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિંમત/ઇએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

ક્રમ નં.	શાખા	કરજદાર/ જામીનદારો/ મોર્ગેજરોના નામ	તારીખ ના રોજ કુલ બાકી	ડિમાન્ડ નોટીસની તારીખ	સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો.	કબજાનો પ્રકાર	અનામત કિંમત / ઇએમડી (રૂા.)	મિલકતનો ID નંબર.	અધિકૃત અધિકારીનું નામ અને મો.નં.
૧.	વલસાડ	(૧) શ્રીમતી મ્હાત્રે સરલાબેન અનિલભાઈ (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રી મ્હાત્રે અનિલભાઈ અરુણભાઈ (કરજદાર અને મોર્ગેજર)	તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજની બાકી રૂા. ૨૯,૫૭,૧૯૨.૪૦	૨૩/૦૨/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે બ્લોક/સર્વે નં. ૧૬૭૧/૨, પૈકી પ્રાઈવેટ પ્લોટ નં. ૨/સી, માપ ૮૨.૯૭ ચો.મીટર્સ. (૯૯.૨૩ ચો.યાર્ડ) બાંધકામ સહિત ગ્રાઉન્ડ ફ્લોરનું માપ ૭૫.૯૯ ચો.મીટર્સ. જે ગ્રામ પંચાયત ઘર નં. ૮૬૮૮, ગામઃ ભાગદાવાડા, તાલુકો + જીલ્લોઃ વલસાડ- ગુજરાત. જે મિલકતની ચતુર્દિશાઃ ઉત્તરેઃ પ્રાઈવેટ પ્લોટ નં. ૩/એ, દક્ષિણેઃ પ્રાઈવેટ પ્લોટ નં. ૨/બી, પૂર્વેઃ આંતરિક રસ્તો, પશ્ચિમેઃ ધનલક્ષ્મી એપાર્ટમેન્ટ.	સાંકેતિક	31,32,000/- 3,13,200/-	IDIB30490246009	Mr. Anil Tirkey (M) 9973932299
૨.	નવસારી	(૧) શ્રી અશોક દેવરામ પાટીલ (કરજદાર/મોર્ગેજર)અને (૨) શ્રીમતી સકુબાઈ દેવરામ પાટીલ (કરજદાર/મોર્ગેજર)	તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજની બાકી રૂા. ૧૮,૫૦,૨૩૫.૧૧	૦૯/૦૪/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી પ્લોટ જમીન મિલકતના તમામ ભાગ અને હિસ્સા સહિત પ્લોટ નં. ૮૯(એ ટાઈપ) પૈકી ૮૯/૧ કુલ અંદાજીત માપ ૪૦.૨૫ ચો.મીટર્સ જેની સાથે ૬.૦૧ ચો મીટર્સ માપ ધરાવતા કોમન પ્લોટની જમીન અને ૧૩.૦૨ ચો.મીટર્સ માપ ધરાવતા કોમન રસ્તા સહિત કુલ અંદાજીત માપ ૫૯.૨૮ ચો.મીટર્સ જે એન.એ. જમીન નો રેવન્યુ સર્વે નં. ૧૨૯ જેનું અંદાજીત માપ ૧૩૭૫૯.૦૦ ચો.મીટર્સ જે જમીનમાંથી કુલ ૯૦ પ્લોટ બનાવવામાં આવ્યા છે, તે જમીનનો બ્લોક નં.૧૨૯/પૈકી ૮૯(જૂનો) અને પ૯૨ (નવો) તરીકે ઓળખાય છે. ઉપરોકત વિભાજીત પ્લોટોમાંથી પ્લોટ નં. ૮૯ (એ પ્રકાર) અંદાજે ૧૨૦.૭૫ ચો.મી. વિસ્તારનો છે. તેમજ કોમન પ્લોટ માટે અંદાજે ૧૮.૦૫ ચો.મી, અને કોમન રોડ માટે અંદાજે ૩૬.૦૬ ચો.મી. વિસ્તાર ફાળવેલ છે. કુલ વિસ્તાર અંદાજે ૧૭૭.૮૬ ચો.મી. થાય છે. આ બિનખેતી પ્લોટ વાળી જમીન બે ભાગોમાં વહેંચવામાં આવી છે ઓ તે 'લેક વ્યૂ રેસિડન્સી' નામથી જાણીતી છે. જે વિજલપોરના આઉટસ્કર્ટ વિસ્તારમાં સ્થિત, તાલુકા જલાલપોર જે નવસારી – વિજલપોર નગરપાલીકા, નવસારી, જિલ્લોઃ નવસારી, ગુજરાતની સંયુકત મ્યુનિસિપલ હદમાં આવેલ. મોર્ગેજ અસેટસ્ની ચતુર્દિશાઃ ઉત્તરેઃ પ્લોટનં. ૮૮ ની જમીન, દક્ષિણેઃ , પૂર્વેઃ આંતરિક રસ્તો, પશ્ચિમેઃ સર્વે નં.૧૩૨ ની જમીન.	સાંકેતિક	17,28,000/- 1,72,800/-	IDIB30534327095	Mrs. Kavita Kalshan (M) 9560296133
૩.	સલાબતપુરા	(૧) શ્રી નિલેશભાઈ પોપટભાઈ સુથાર (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રીમતી સેજલબેન નિલેશભાઈ સુથાર (કરજદાર અને મોર્ગેજર)	તા.૨૯/૦૭/૨૦૨૬ ના રોજની બાકી રૂા. ૨૬,૨૭,૮૯૪.૦૩	૦૨/૦૪/૨૦૨૬	તમામ ભાગ તથા હિસ્સા ધરાવતો પ્લોટ નં.૪૩, '' હરીધામ રો હાઉસ'', મંજૂર પ્લાન મુજબ ૬૬.૮૯ ચો. મીટર્સ માપ જેની સાથે ગ્રાઉન્ડ + પહેલા માળ સહિત જેની સાથે ત્યાં સ્થિત ૨૦.૦૦ ચો.મીટર્સ માપ ધરાવતી જમીન અને સીઓપીમાં અવિભાજય હિસ્સા સહિતની મિલકત. જે સ્થિત જમીનનો રે.સર્વે નં. ૫ અને ૨૭, બ્લોક નં. ૩૮ જેનું માપ ૪૬૩૭ ચો.મીટર્સ, ગામ વાવ, સબ જીલ્લો કામરેજ, જીલ્લો સુરત. જે મિલકત કરજદારોના નામની. જેની ચતુઃદિશાઃ પૂર્વેઃ ૨૦ ફૂટ રસ્તો, પશ્ચિમેઃ જોડાયેલ ઘર.	સાંકેતિક	24,26,000/- 2,42,600/-	IDIB30245898024	Mr. Kumar Prashant (M) 9935390324
૪.	સલાબતપુરા	(૧) શ્રી હિરલકુમાર પ્રકાશભાઈ પટેલ (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રીમતી ફેમીબેન હિરલકુમાર પટેલ (સહ કરજદાર)	તા.૨૯/૦૭/૨૦૨૬ ના રોજની બાકી રૂા. ૩૦,૮૮,૯૧૬.૩૬	૦૯/૦૪/૨૦૨૬	ફ્લેટ નંબરઃ એ/૧૦૩,પહેલા માળ, ''સંસ્કાર રેસીડેન્સી-એ'' માપ ૧૦૫૦.૦૦ ચોરસ ફૂટ એટલે કે ૯૭.૫૪૮ ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા અને ૮૮.૦૧ ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા, જેની સાથે ત્યાં સ્થિત જમીનમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સા સ